આજે સે. ૨૨માં રાષ્ટ્ર સંત આચાર્ય પૂ.પદ્મસાગર સૂરીશ્વર મ.સા.નો ૮૭મો જન્મોત્સવ ઉજવાશે

ગાંધીનગર તા.૧૬

ગાંધીનગરના સે.૨૨માં જૈન મંદિર ખાતે સવારે ૯.૧૫ કલાકે ચાતુર્માસ અર્થે બિરાજમાન રાષ્ટ્ર સંત આચાર્ય પૂ.પદ્મસાગર સૂરીશ્વર મહારાજ સાહેબનો તા.૧૭મી સપ્ટેમ્બર શુક્રવારે ૮૭મો જન્મોત્સવ ઉજવાશે. આ પ્રસંગે સમાજસેવક પદ્મભૂષણ ડી.આર.મહેતા મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહેશે. ગુરુભક્તિના આ પાવન પ્રસંગે શહેરનાં જિનાલયોમાં ભગવાનની સુંદર આંગી રચના કરવામાં આવશે. આ ઉપરાંત યોજવામાં આવેલ જન્મોત્સવ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ, જીવદયા, અનુકંપા અને અભયદાનની વિવિધ પ્રવૃત્તિઓ, સાધર્મિક પરિવારોની વિશિષ્ટ ભક્તિ જેવાં સમાજોપયોગી કાર્યક્રમો ઉપરાંત 'કૈલાશ શ્રુત સાગર' ગ્રંથશ્રેણી ૩૧-૩૨ અને 'રાસ પદ્માકર-૫'નું વિમોચન કરાશે.

શહેરમાં ટ્રાફિકને અડચણ થતા બે વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી

ઘ-૨ પાસે માર્ગ વચાળે દાબેલીની લારી લઇને ઉભેલો લારી ચાલક પણ દંડાયો : માર્ગ વચાળે વાહનો ખડકાતા અવારનવાર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર પોલીસે આજે શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ થતા બે વાહનચાલકો તેમજ અન્ય એક લારી ચાલક સામે દંડનીય કાર્યવાહી કરી છે. પોલીસની આ કામગીરીને અનુલક્ષી માર્ગ પર ટ્રાફિકને અડચણરૂપ થતા વાહનચાલકો તેમજ લારીધારકોમાં પણ ફફડાટ પ્રવર્તયો હતો.

શહેરમાં એકબાજુ પાર્કીંગ વ્યવસ્થાના નામે મીંડુ છે. શહેરના માર્ગો પર વચાળે જ વાહનનો ખડકલો થઇ જાય છે. જેના લીધે માર્ગ પર જતા વાહનો માટે અડચણ ઉભી થાય છે. આ સ્થિતિ વચ્ચે ગમે ત્યારે માર્ગ સલામતી પણ જોખમાઇ છે. શહેરના માર્ગો પર વારંવાર અડચણરૂપ થતા વાહનો તેમજ દબાણોના લીધે અવારનવાર અકસ્માત સર્જાય છે. એટલુ જ નહી પરંતુ અકસ્માતો પણ થાય છે. જેને અનુલક્ષી પોલીસ તંત્ર દ્વારા શહેરમાં આ પ્રકારે ટ્રાફિકને અડચણ થતા વાહનો સામે કાર્યવાહી હાથ ધરી છે. આજે ખ- ૩ થી વાવોલ ફાટક તરફ જતા માર્ગ પર વચાળે ટ્રેકટર લઇને ઉભા રહેલા ટ્રેકટર ચાલક સામે પોલીસે દંડનીય કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત સત્યાગ્રહ છાવણીથી ઘ- ૨ તરફ જતા સર્વિસ માર્ગ પર મોબાઇલ એસેસરિઝનુ વેચાણ કરતા રીક્ષા ચાલકને પણ દંડ કર્યો હતો.

રીક્ષા ચાલક માર્ગ વચાળે હોવાથી ટ્રાફિક માટે અડચણરૂપ બન્યો હતો. આ ઉપરાંત આ વિસ્તારમાં એક દાબેલીની લારી પણ માર્ગ વચાળે ઉભી રહી હતી. જેના લીધે માર્ગ પર જતા વાહનોને અવરરોધ થતો હતો. આ સ્થિતિને અનુલક્ષીને પોલીસે સ્થળ પર ઉભેલા લારીચાલક પાસેથી દંડ વસુલ્યો હતો. જેના લીધે ટ્રાફિકની અવરજવર સરળ બની હતી. શહેરમાં ટ્રાફિકને અડચણ થતા વાહનો ઠેર ઠેર જોવા મળે છે. એકબાજુ નાગરિકોમાં પાર્કીંગ સેન્સનો પણ અભાવ વર્તાય છે. ત્યારે પાર્કીંગ વ્યવસ્થાના અભાવ વચ્ચે કોર્મશિયલ ઝોનમાં વારંવાર ટ્રાફિક જામ થાય છે. ત્યારે પોલીસ તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ આમ નાગરિકોમાં ઉઠવા પામ્યો હતો.

ખૂણેખાંચરેથી

- આજે રાજ્ય મંત્રીમંડળના વિસ્તારણમાં ગાંધીનગર જિલ્લાને પ્રતિનિધિત્વ ન મળતાં કાર્યકરોમાં થોડીક નારાજગી જોવા મળી હતી.
- શપથવિધિ સમારોહના સ્થાને એક મિડીયાકર્મી હવાની ઓછી અવર જવર અને ભીડને લઈ બેભાન થઈ જતાં તેને સિવિલમાં તાબડતોબ ખસેડવામાં આવેલ.
- ગાંધીનગર શહેરના રાજમાર્ગો પર આજે સતત ભારે ટ્રાફિક જોવા મળ્યો હતો.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાના કેસોમાં ઉછાળો જોવા મળ્યો છે.
- ગાંધીનગર મનપાના કમિશનર અને તેમની ટીમ છેલ્લા બે દિવસથી વિકાસ પામી રહેલા ગ્રામ્ય વિસ્તારોની મુલાકાતમાં વધુ વ્યસ્ત બન્યા છે.
- સચિવાલયમાં આજે પણ મંત્રીઓના કાર્યાલયો ખાલી કરવાની કામગીરી ચાલુ રહી હતી. કેબિનેટ બેઠક શરૂ થઈ ત્યારે પણ આ કામગીરી ચાલુ હતી.
- ગાંધીનગર શહેરમાં સેગ્રીગેશન કરેલો કચરો આપવા તંત્રની અપીલને સારો પ્રતિસાદ મળ્યો છે. ૧૫-૯-૨૧ ના રોજ ૩૦ ટન ભીનો કચરો અને ૨૪ ટન સુકો કચરો મળ્યો હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. જે અગાઉ ૩૦ થી ૩૨ ટન મળતો હતો.

'આપ'ના પ્રવિણ રામનો શહેરમાં ઝંઝાવાતી પ્રચાર

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીના પ્રવિણ રામે સેક્ટર-૧૪માં ઝંઝાવાતી પ્રચાર કર્યો હતો જેમાં તેમણે ડોર ટુ ડોર ફરી મતદારોને મળીને તેમની સમસ્યાઓ જાણવાનો પ્રયાસ કરવા ઉપરાંત એક રાત્રિ સભા પણ સંબોધી હતી. આ સભામાં તેમણે ગાંધીનગર મહાનગરપાલિકામાં આમ આદમી પાર્ટી દ્વારા આપવામાં આવેલા ગેરંટી કાર્ડની વાત કરીને તેમની પાર્ટીના ઉમેદવારો વતી પાર્ટીએ જાહેર કરેલા એજન્ડા મુજબ કામ કરવાનું વચન આપ્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે સે-૧૨માં વૃક્ષારોપણનો કાર્યક્રમ

ગાંધીનગર તા ૧૬

શહેરમાં એકબાજુ વિકાસ કામોના નામે વારંવાર હરિયાળા વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. માર્ગોના વાઇડનીંગ તેમજ નવા બિલ્ડીંગો અસ્તિત્વમાં આવતા વૃક્ષોની કટોતી થાય છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરમાં અનેકવિધ વૃક્ષોનો ખાતમો થયો છે. બીજીતરફ વનતંત્ર દ્વારા દરવર્ષે વરસાદી દિવસોમાં ખાલી જગ્યાનો સર્વે કરી નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જો કે આ વર્ષે વરસાદ ખેંચાતા વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણીનુ કામ પણ વિલંબમાં પડ્યુ હતુ. શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાં પણ નવા રોપાઓની વાવણી કરી કલરકોડ મુજબ નવા રંગબેરંગી રોપાઓ નિખરે તે મુજબનુ આયોજન કરવામાં આવે છે. શહેરમાં પ્રકૃતિ પ્રેમીઓ પણ વૃક્ષોની કટોતી માટે વધુ જાગૃત બન્યા છે. વનતંત્ર પણ નવા રોપાઓની વાવણી માટે ઉત્સુકતા દાખવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આજે ૭૧મો જન્મદિવસ છે. જેને અનુલક્ષીને વિવિધ સંસ્થાઓ તેમજ જાગૃત નાગરિકો દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવશે. વનતંત્ર દ્વારા પણ આ નિમિત્તે સે-૧૨માં જિલ્લા ખરીદ વેચાણ સંઘ પાસે વનતંત્રના અધિકારીઓ તેમજ સંસ્થાના આગેવાનો તેમજ આર એસ એસના આગેવાનોના હસ્તે નવા રોપાઓની વાવણી કરાશે આ દરમિયાન અંદાજિત ૧૦૦ જેટલા નવા રોપાઓની વાવણી કરાશે.

ચિલોડા પાસે લક્ઝરી બસના મુસાફર પાસેથી બિયરના ટીન ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૬

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર ચિલોડા પોલીસના જવાનો દ્વારા વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી હતી. તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી મહાલક્ષ્મી ટ્રાવેલ્સની બસ નં. આર.જે.૦૯.પીએ-૬૧૪૨ ને ઉભી રખાવી ડ્રાઈવરને સાથે મળી ચેકીંગ કર્યુ હતુ. મુસાફરોનો સામાન ચેક કરતા મુસાફર ચિરાગ રાજેશકુમાર ઠક્કર (ઉં.વ.૨૩, રહે. ૪૧ રાબડીયાનો ટેકરો બાવળા)ના થેલામાંથી બિયરના ૧૮ ટીન મળી આવ્યા હતા. પોલીસે ૧,૯૬૫ની ૧૮ નંગ બિયરનો જથ્થો કબ્જે કરી પ્રોહી. એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આજે ચિલ્ડ્રન્સ યુનિ. સંલગ્ન દોઢ લાખ દાતાઓ અંગદાનના શપથ લેશે

ગાંધીનગર, તા. ૧૬

અંગદાન એ મહાદાન છે. એક બ્રેઇનડેડ વ્યક્તિના અંગોનું દાન આઠ લોકોને નવું જીવન આપી શકે છે. ગુજરાતમાં અંગો મેળવવા ખૂબ લાંબુ વેઇટીંગ છે. પણ સામે દાનની સંખ્યા ખૂબ મર્યાદિત છે. લોકોમાં અંગદાન અંગે જાગૃતિ આવે તે માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટ, મીડિયા ક્લબ અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસિઝ એન્ડ રિસર્સ સેન્ટરનાં સંયુક્ત ઉપક્રમે ૧૭મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસે મોટાપાયે અંગદાન અંગેના પ્રતિજ્ઞા કાર્યક્રમો યોજાશે. જે અંતર્ગત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ૧૨ વિભાગો, વિદ્યાનિકેતનનાં ૬૩ વિદ્યાલયો, ૩૦ તપોવન કેન્દ્રો, ૬૦ અભ્યાસ કેન્દ્રોના અધ્યાપકો, વિદ્યાર્થીઓ-તેમના વાલીઓ, મિત્રો અને અન્ય સંલગ્ન વ્યક્તિઓ મળીને આશરે ૧.૫૦ લાખ દાતાઓ અંગદાન કરવાની પ્રતિજ્ઞા લેશે. કોઈપણ વ્યક્તિ www.angdaan.org વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરાવીને અંગદાનની પ્રતિજ્ઞા લઈ શકે છે. વ્યક્તિ અંગદાનની પ્રતિજ્ઞા લે એ સાથે તેમના પરિવારને પણ જાણ કરે એ પણ એટલું જ જરૂરી છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ઉપરાંત રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ, શાળા-કોલેજ સંસ્થાઓમાં અંગદાનની પ્રતિજ્ઞાના કાર્યક્રમો યોજાશે.

ગાંધીનગરને વધુ ટ્રેન ફાળવવા રજૂઆત

ગાંધીનગર, તા. ૧૬

નવનિર્મિત ગાંધીનગર કેપીટલ રેલવે સ્ટેશન હવે વધુ સુવિધાસભર બન્યુ છે ત્યારે ગાંધીનગરને વધુ ટ્રેનો ફાળવવામાં આવે તેવી રજૂઆત ગાંધીનગર શહેર વસાહત મહામંડળે કરી છે. ગાંધીનગર કેપીટલ રેલ્વે સ્ટેશનનું નવનિર્માણ થયુ છે. અહીં ફાઈવસ્ટાર હોટેલ સહિતની સુવિધાઓ શરૂ થઈ છે. અહીંથી ચંદીગઢ, ભગત કી કોઠી, બનારસ અને વરેઠાની ટ્રેનો શરૂ થઈ ચૂકી છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળે રેલવે વિભાગને અને રેલવે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશને ગાંધીનગર રેલ્વે સ્ટેશનને વધુ ટ્રેનો ફાળવવા રજૂઆત કરી છે. ગુજરાત ક્વીન જે વલસાડથી ઉપડી અમદાવાદ આવે છે તેને ગાંધીનગર સુધી લંબાવવા, ગુજરાત મેલને પણ ગાંધીનગર સુધી લંબાવવા રજૂઆત કરી છે. મહેસાણા, પાટણ, આબુ રોડની મેમુ, ડેમુ જે અમદાવાદથી ઉપડે છે તેને વાયા ગાંધીનગર કરવા વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, મયુર વ્યાસ, પ્રદિપ સોલંકી, કીશોર જીકાદરા, સુધીર દેસાઈએ રજૂઆત કરી છે.

નામ બદલેલ છે

મારું નામ પહેલા **નિલમબેન નેહલભાઈ દેસાઈ** હતું જે બદલીને **નીરૂ નેહલભાઈ દેસાઈ** કરેલ છે.
૪૨૩, રબારી વાસ, ઈન્દ્રોડા, ગાંધીનગર

જાહેર નોટીસ

બાયડના મે. એડી. ચીફ જ્યુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં, મુ. બાયડ, જિ. અરવલ્લી ફિ. પ. અ. નં. ૮૨/૨૦૨૧, આંક : અરજદારના વિ. વ. શ્રી એસ. કે. પટેલ

અરજદાર : સંધ્યાબેન હર્ષદકુમાર શાહની પત્નિ અને નવનીતલાલ જયચંદદાસ મોદીની દિકરી મૂળ રહે. ગાબટ, તા. બાયડ, જિ. અરવલ્લી, હાલ રહે. ૧૨, સ્નેહ એપાર્ટમેન્ટ, મીરાંબિકા સ્કૂલની સામે, ઘનશ્યામ કોમ્પલેક્ષની પાછળ, નારણપુરા, અમદાવાદ

વિરુદ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી, ગાબટ ગ્રામ પંચાયત, તા. બાયડ, જિ. અરવલ્લી

બાબત : જન્મ - મરણ નોંધણી અધિનિયમ કલમ - ૧૩ (૩) મુજબ અરજ.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદારના મોટાભાઈ નામે નિમિષકુમાર નવનીતલાલ મોદીનો જન્મ તા. ૧૭-૯-૧૯૫૯ના રોજ ગાબટ, તા. બાયડ, જિ. અરવલ્લી મુકામે સહજ પ્રસૂતિથી થયેલ છે જે જન્મ અંગેની નોંધણી શરતચૂકથી જે તે સમયે નોંધાવવાની રહી ગયેલ હોઈ જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો હોય તેઓએ મુ. તા. ૧૬-૧૦-૨૦૨૧ના રોજ અત્રેની કોર્ટમાં સવારના ૧૧.૦૦ કલાકે હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે. જેની સર્વે ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૯મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (પી. પી. ઝાલા) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — મુકાબલ કરનાર (એમ. એફ. મલેક) સુપ્રિન્ટેન્ડેન્ટ — હુકમથી (સી. બી. દવે) રજીસ્ટ્રાટ પ્રિન્સિપાલ સીની. સિવિલ કોર્ટ, બાયડ

જાહેર નિવિદ-૨૦૨૧-૨૨

વડાલી તાલુકામાં માન્ય મજુર કામદાર સહકારી મંડળીઓ પાસેથી સરકારશ્રીના ઠરાવ ક્રમાંક મ.સ.મ/૧-૯૭/૨અ/સચિવાલય ગાંધીનગરના પરિપત્ર તા. ૩-૨-૨૦૦૦ના સંદર્ભે જે તેઓશ્રીને સરકારશ્રીના આપેલ વર્ગ મુજબ નાણાકીય મર્યાદામાં રહીને નીચેના કામોના બંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મોડામાં મોડા તા. ૨૭-૯-૨૦૨૧ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં તાલુકા પંચાયત કચેરી વડાલીમાં મળી રહે તે રીતે ઓફરો મંગાવવામાં આવે છે. આપેલ ઓફરો માન્ય રાખવી કે ના રાખવી તે સહી કરનાર સક્ષમ અધિકારીશ્રીને અધિકાર રહેશે. કવર ઉપર કામનું નામ ફરજિયાત લખવાનું રહેશે. કામની વિગતો સંલગ્ન દસ્તાવેજ કચેરી સમય દરમિયાન તાલુકા પંચાયત વડાલીના નોટીસ બોર્ડ ઉપર તથા બાંધકામ શાખામાં રૂબરૂ જોવા મળશે. આપેલ ઓફરો શક્ય હશે તો તા. ૨૯-૯-૨૦૨૧ના રોજ ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે. નિયત તારીખ બાદ આવેલ ભાવ પત્રક અથવા સાદી પોસ્ટથી આવેલ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહી. કોઈપણ ભાવપત્રક મંજુર /નામંજુર કરવાની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની રહેશે.

અનુ.	કામનું નામ	અંદાજિત રકમ બાનાની રકમ ટેન્ડર ફી
૧.	ભંડવાલ ગામે સ્મશાનગૃહમાં પેવર બ્લોકનું કામ	૫૫૦૦૦૦/- ૫૫૦૦/- ૫૦૦
૨.	ફુદેડા ગામે સમાજવાડીમાં પેવર બ્લોકનું કામ	૬૦૦૦૦૦/- ૬૦૦૦/- ૫૦૦/-

નામામિ/હિંમત/૩૧૮/૨૦૨૧

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નંબર: L40200GJ1998SGC035188

રજિસ્ટર્ડ ઓફિસ : જીએસપીસી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ **ટેલિ.:** +૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧/૨૩૨૬૮૫૦૦
ફેક્સ: +૯૧-૭૯-૨૩૨૬૮૫૦૬, **વેબસાઇટ:** www.gspcgroup.com **ઇમેઇલ:** investors.gspl@gspc.in

૨૩મી વાર્ષિક સાધારણ સભાની નોટિસમાં વધારો (એડેન્ડમ)

આથી, **ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમીટેડ**ની (કંપની ની), **મંગળવાર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ બપોરે ૦૩.૦૦ વાગ્યે**, વિડીયો કોન્ફરન્સ ("વીસી") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ ("ઓએવીએમ") મારફતે યોજાનારી આગામી ૨૩મી વાર્ષિક સાધારણ સભા(એજીએમ)ની તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ શેરધારકોને મોકલેલ નોટિસમાં નિર્ધારિત કરેલ આઇટમ નં.૧ થી ૬ તેમાં આ પરિશિષ્ટમાં દર્શાવેલ સમાવિષ્ટ વધારાની આઇટમ નં.૭ ઉમેરવાની (એડેન્ડમ)ની આ જાહેર સુચના છે.

કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૬૦ને કંપનીઓ (ડીરેક્ટરોની નિમણુંક અને લાયકાત) નિયમો, ૨૦૧૪ અને કંપની અધિનિયમ, ૨૦૧૩ ની અન્ય લાગુ પડતી જોગવાઈઓની સાથે વાંચતા અને તેનું પાલન કરીને, આથી ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમીટેડનાં સભ્યોને નોટિસ આપવામાં આવે છે કે કંપની ને શ્રી પંકજ કુમાર, આઇએએસ, (ડીઆઇએન : ૦૦૨૬૭૫૨૮) નીનિયામકનીઉમેદવારીમાટે કંપનીઅધિનિયમ, ૨૦૧૩નીકલમ૧૬૦હેઠળએકસભ્યમારફતતા.૧૩મીસપ્ટેમ્બર, ૨૦૨૧નારોજનીનોટિસમળીછે.

ઉપરોક્ત બાબત ધ્યાને લઈને, શ્રી પંકજ કુમાર, આઇએએસ ની નિમણુંક માટેની આઇટમ નં. ૭ ને પણ **૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ સવારનાં ૯.૦૦ વાગ્યાથી શરૂ થતી અને ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે** પુરા થતા રિમોટ ઈ-વોટિંગ સવલત દરમ્યાન અને એજીએમ દરમ્યાન ઈ-વોટિંગમાં સમાવવામાં આવશે.

આ નોટિસ કંપનીની ૨૩મી એજીએમ ની નોટિસ જાહેર થયા બાદ પ્રાપ્ત થઈ હોવાથી, કંપની અધિનિયમ, ૨૦૧૩ની જોગવાઈઓ અનુસાર સભ્યોને ૨૩મી એજીએમ ની નોટિસમાં આ વધારાની જાણ કરવામાં આવી રહી છે.

શ્રી પંકજ કુમાર, આઇએએસ, ની નિયામક ની ઉમેદવારીનો ઠરાવ કંપનીના સભ્યોની વિચારણા માટે કંપનીની આગામી ૨૩મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ)માં વિશેષ કામકાજ ના ભાગરૂપે, નીચે જણાવ્યા મુજબ, સામાન્ય ઠરાવના રૂપમાં લેવામાં આવશે:

૨૩મી એજીએમની નોટિસની આઇટમ નંબર ૬ પછી આઇટમ નંબર ૭ ઉમેરવામાં આવશે :

આઇટમ નંબર ૭

વિશેષ વ્યવસાય

7. **શ્રી પંકજ કુમાર, આઇએએસ, (ડીઆઇએન : ૦૦૨૬૭૫૨૮) ની નિયામક તરીકેની નિમણુંકને મંજુરી આપવી.**

સામાન્ય ઠરાવ તરીકે નીચેના ઠરાવને ધ્યાનમાં લેવા અને, જો યોગ્ય લાગે તો, ફેરફાર સાથે અથવા ફેરફાર વગર પસાર કરવા માટે;

"કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૪૯, ૧૫૨, ૧૬૧ અને ૧૯૬(૩) ને કંપનીઓ (ડિરેક્ટરોની નિમણુંક અને લાયકાત) નિયમો, ૨૦૧૪ (અત્યારે અમલમાં છે તેમાં કોઈપણ વૈધાનિક સુધારા અથવા તેના ફરીથી અમલનો સમાવેશ થાય છે)ની જોગવાઈઓની સાથે વાંચતા, સેબી (લિસ્ટિંગ જવાબદારીઓ અને ઘટસ્ફોટ જરૂરિયાતો)નિયમન, ૨૦૧૫ અને કંપનીના સંગઠનોના લેખ (આર્ટિકલ)ની લાગુ પડતી જોગવાઈઓ અનુસાર શ્રી પંકજકુમાર, આઈએએસ,(ડીઆઈએન : ૦૦૨૬૭૫૨૮), જેઓ એડિશનલ ડિરેક્ટર તેમજ ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત થયા હતા અને જેઓ આ વાર્ષિક સામાન્ય સભાની તારીખ સુધી હોદ્દો ધરાવે છે તેમના સંદર્ભમાં કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૬૦ હેઠળ, ડિરેક્ટરના હોદ્દાની ઉમેદવારીની દરખાસ્ત કરનાર એક સભ્ય તરફથી લેખિતમાં નોટિસ મળી છે અને એના મુજબ ડિરેક્ટર તરીકે નિમણુંક કરવામાં આવે છે, જે રોટેશન દ્વારા નિવૃત્ત થવા માટે જવાબદાર રહેશે નહીં."

કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૦૨(૧) મુજબનું ખુલાસાત્મક નિવેદન

આઇટમ નંબર ૭

નામાંકન અને મહેનતાણું સમિતિ (નોમીનેશન અને રેમ્યુનરેશન કમીટી)ની ભલામણ પર આધારિત રહીને બોર્ડે કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૬૧ અને ૧૯૬(૩) ને કંપનીના સંગઠનોના લેખ (આર્ટિકલ)ની સાથે વાંચતા તેની જોગવાઈ અનુસાર શ્રી પંકજકુમાર, આઈએએસ, (ડીઆઈએન : ૦૦૨૬૭૫૨૮) ની કંપનીના અધિક નિયામક તરીકે અને ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે ૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧ થી નિમણુંક કરેલ છે. શ્રી પંકજકુમાર, આઈએએસ આ વાર્ષિક સામાન્ય સભાની તારીખ સુધી પદ સંભાળશે.

આ કંપની સરકારી કંપની હોવાથી, મેનેજિંગ ડિરેક્ટરને નિમણુંક બાબતના કંપની ધારો, ૨૦૧૩ અને તે અંતર્ગત ઘડેલ નિયમો લાગુ પડતા નથી. તેથી, કંપનીનાં સભ્યોની આ બાબતની અલગથી મંજુરીની દરખાસ્ત કરેલ નથી.

કંપની ધારો, ૨૦૧૩ની કલમ ૧૬૦ હેઠળ, શ્રી પંકજકુમાર, આઈએએસની કંપનીના ડિરેક્ટર તરીકેની નિમણુંક ની ઉમેદવારી કરવાની દરખાસ્ત એક સભ્ય પાસેથી લેખિતમાં કંપની ને મળેલ છે.

કંપની ધારો, ૨૦૧૩ની જોગવાઈઓ આધીન દરખાસ્ત કરવામાં આવે છે કે શ્રી પંકજકુમાર, આઈએએસની કંપનીનાં ડિરેક્ટર તરીકે નિમણુંક રોટેશન દ્વારા નિવૃત થવા માટે જવાબદાર નથી.

શ્રી પંકજકુમાર, આઈએએસની સંક્ષિપ્ત રૂપરેખા, ચોક્કસ કાર્યાત્મક ક્ષેત્રોમાં તેમની કુશળતાની પ્રકૃત્તિ, સુચિબદ્ધ સંસ્થાઓના નામ જેમાં તેઓ બોર્ડની સમિતિઓના ડિરેક્ટરશિપ/સભ્યપદ/અધ્યક્ષપદ ધરાવે છે અને કંપનીમાં તેમના શેરહોલ્ડિંગની વિગતો અને અન્ય માહિતી આ સાથે પુરી પાડેલ છે.

ઉપરોક્ત સંદેશાવ્યવહારની નકલ ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા નિરીક્ષણ માટે ઉપલબ્ધ છે.

શ્રી પંકજકુમાર, આઈએએસ સિવાય, ડિરેક્ટર્સ અથવા મુખ્ય સંચાલકીય કર્મચારીઓ (કી મેનેજરીયલ પર્સોનલ્સ) (કેએમપી) અથવા ડિરેક્ટર્સ અને કેએમપીના સંબંધીઓમાંથી કોઈ પણ નોટિસની આઇટમ નંબર ૭ પરના ઠરાવમાં ચિંતિત અથવા રસ ધરાવતું નથી. શ્રી પંકજકુમાર, આઈએએસ અને તેમના સંબંધીઓ એજન્ડા આઇટમ નંબર ૭ પર પ્રસ્તાવિત તેમની નિમણુંક અંગેના ઠરાવમાં રસ ધરાવે છે અથવા ચિંતિત છે.

બોર્ડ સભ્યોની મંજુરી માટે ઠરાવની ભલામણ કરે છે. ઠરાવ મંજુર કરવા સભ્યોને વિનંતી.

નિમણુંક થનાર ડિરેક્ટરની વિગતો :

ડિરેક્ટરનું નામ	**શ્રી પંકજકુમાર, આઇએએસ** *
જન્મ તારીખ	૦૬/૦૫/૧૯૬૨
બોર્ડમાં પહેલી નિમણુંકની તારીખ	૦૮/૦૯/૨૦૨૧
નિયુક્તિના નિયમો અને શરતો	શ્રી પંકજકુમાર, આઈએએસ ને ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (જીએસપીસી) દ્વારા નામાંકિત (નોમીનેટ) કરાયેલ છે. તેઓ જીએસપીસી દ્વારા આગળની માહિતી (સુચના) સુધી આ પદ પર રહેશે.
મહેનતાણાંની વિગતો	શ્રી પંકજકુમાર, આઈએએસ, કંપની તરફથી કોઈ મહેનતાણું અને બેઠક ફી લેશે નહી.
લાયકાત અને કુશળતા	શ્રી પંકજકુમાર, આઈએએસ, ગુજરાત રાજ્યનાં મુખ્ય સચિવ છે. ૧૯૮૬ બેચના વરિષ્ઠ આઈએએસ અધિકારી છે. તેઓએ આઈઆઈટી, કાનપુર થી બી.ટેક(સિવિલ એન્જિનિયરીંગ) અને ICPE, Ljubljana માંથી એમબીએ (જાહેર નીતિ અને વ્યવસ્થાપન) કરેલ છે. તેઓએ વિવિધ વિભાગો જેવા કે મહેસુલ, ગૃહ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, કૃષિ અને આપત્તિ અને રાહત વ્યવસ્થાપનનો વિવિધ ક્ષમતાઓમાં વ્યાપક અનુભવ છે. તેમણે ગુજરાત મેરીટાઇમ બોર્ડ(જીએમબી), ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ, ગુજરાત ખનિજ વિકાસ નિગમ વગેરે જેવા રાજ્ય પીએસયુમાં પણ સેવા આપી છે. તેમણે કેટલાંય જિલ્લાઓમાં કલેક્ટર અને ડીડીઓ તરીકે પણ કામ કર્યુ છે. તેમણે માનનીય મુખ્ય મંત્રીશ્રી, ગુજરાત ના અધિક અગ્ર સચિવ તરીકે પણ સેવા આપી હતી. તેમણે તેમની મુખ્ય સચિવ તરીકે નિમણુંક અગાઉ ગુજરાત સરકારના ગૃહ ખાતાનાં અધિક મુખ્ય સચિવ તરીકે પણ કામ કર્યુ હતુ. તેમણે મહેસુલ વિભગમાં શ્રેણીબદ્ધ સુધારાઓનું નેતૃત્વ કર્યુ જેમાં ઓનલાઇન પોર્ટલ iORA ના વિકાસનો સમાવેશ થાય છે જે ઓનલાઇન બિન-કૃષિ (NA) પરવાનગી અને જમીન પ્રીમિયમ ચુકવણીને ખાસ કરીને સરળ બનાવે છે. તેમણે વધુ ખુલ્લા, પારદર્શક અને જવાબદાર બનવા માટે કાર્યકારી સંસ્કૃતિમાં ફેરફારોને પ્રોત્સાહન આપ્યુ હતું. તેમણે ખાસ કરીને રાષ્ટ્રિય આપત્તિઓ દરમ્યાન શાસનમાં સોશિયલ મીડિયાનો વ્યાપક ઉપયોગ કર્યો હતો. તેમને ગુજરાત રાજ્ય માટે કોવિડ-૧૯ પ્રવૃત્તિઓ સંબંધિત સમગ્ર કાર્ય માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું માર્ગદર્શન અને દેખરેખ રાખવાની જવાબદારી સોંપવામાં આવી છે. રાજ્યનાં મુખ્ય સચિવ તરીકેની જવાબદારી ઉપરાંત તેઓ ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ, ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર એન્ડ કેમિકલ્સ લિમિટેડ, ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર એન્ડ કેમિકલ્સ લિમિટેડ, ગુજ